**MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (Online)**
International Peer Reviewed & Referred Journal
**ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025**

# ૧૯મી સદીમાં વિધવા સ્ત્રીઓની સ્થિતિ

**ચાવડા ગંગાબેન ગોવિંદભાઇ**
પીએચ.ડી. સંશોધક, ઇતિહાસ વિભાગ
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

**સારાંશ:** 19મી સદીમાં ભારતમાં અનેક પ્રકારના કુરિવાજો પ્રચલિત હતાં. જેમાં દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ, બાળલગ્ન, કજોડાં લગ્ન, કન્યાવિક્રય, વરવિક્રય, સતીપ્રથા, વિધવા પુનઃલગ્ન પ્રતિબંધ, સ્ત્રી શિક્ષણ પ્રતિબંધ વગેરે પ્રવર્તતા હતાં. આ કુરિવાજોના પરિણામે સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ દયનીય બની ગઈ હતી. તેમાં પણ વિધવાઓની સ્થિતિ સૌથી ખરાબ હતી. તેમના ઉપર અનેક પ્રકારના સામાજિક ધાર્મિક પ્રતિબંધો લગાવવામાં આવ્યા હતા. વિધવા એટલે જે સ્ત્રીના પતિનું અવસાન થયું હોય તેવી સ્ત્રી. બાળલગ્નના પરિણામે સમાજમાં વિધવા સ્ત્રીઓની સંખ્યા ખૂબ વધી ગઇ હતી. આ સ્ત્રીઓ ઉપર અનેક પ્રકારના પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા જેમકે 1. જે દિવસે પતિનું અવસાન થાય તે જ દિવસે તેની પત્નીએ હાથમાં પહેરેલો ચૂડલો ભાંગી નાખવો, કપાળમાંથી ચાલ્લો ભૂસી નાખવો, સાદા સફેદ વસ્ત્રો પહેરવા. 2. પતિના અવસાનના બારમાં દિવસે વિધવા સ્ત્રીએ પોતાનું મૂંડન કરવાનું 3. સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ કરીને હંમેશ માટે સાદુ ભોજન જમવું 4. સામાજિક ધાર્મિક કે પોતાના ઘરના કોઈ પણ પ્રસંગમાં ગેરહાજર રહેવું કેમ કે એવું કહેવાતું કે વિધવાનું મોં જોવાથી અપશુકન થાય છે માટે તે હંમેશા સમાજ અને પરિવારના સભ્યોથી દૂર રહેતી. 5. આ સમયે સતીપ્રથા સમાજમાં ક્રુર રીતે ફેલાયેલી હતી અને તેનો ભય સતત વિધવા સ્ત્રીઓને રહેતો હતો. 6. આ સમયે સ્ત્રી શિક્ષણનો અભાવ હતો પરિણામે વિધવા સ્ત્રીએ હંમેશા આર્થિક રીતે પરિવાર પર નિર્ભર રહેવું પડતું હતું પરિણામે સાસરીમાં ઘણીવાર તેમનું દિયર, જેઠ અને સસરા દ્વારા શારીરિક માનસિક શોષણ કરવામાં આવતું હતું. અને બધા ત્રાસથી ઘણી વિધવા સ્ત્રીઓએ આત્મહત્યા પણ કરી લીધી હતી. આમ 19મી સદીમાં વિધવા સ્ત્રીઓની સ્થિતિ ખૂબ જ ખરાબ હતી. તેમને અનેક પ્રકારના ત્રાસ સહન કરવા પડતા હતા.

**ચાવીરૂપ શબ્દો:** *વિધવાઓની સ્થિતિ, સાજ- શણગાર અને અલંકાર પહેરવા પર પ્રતિબંધ, સ્વાદિષ્ટ ભોજન જમવા પર પ્રતિબંધ, સતીપ્રથાનો ભય, શિક્ષણ અને મિલકતનો અભાવ, વિધવા પુનઃલગ્ન પ્રતિબંધ*

**૧. પ્રસ્તાવના:** ૧૯મી સદીમાં ભારતની સામાજિક પરિસ્થિતિ અત્યંત શિથિલ બની ગઈ હતી. તેમાં પણ સ્ત્રીઓની સ્થિતિની તો વાત શું કરવી? આ સમયે સમાજમાં પ્રવર્તતા અનેક પ્રકારના કુરિવાજો જેવા કે, બાળકીને દૂધપીતી

કરવી, બાળલગ્ન, કજોડાં લગ્ન, કન્યા વિક્રય, વર વિક્રય, સતીપ્રથા અને વિધવા પુનઃ લગ્નની મનાઈ વગેરે પ્રવર્તતા હતા આ બધાને પરિણામે સ્ત્રીઓની સ્થિતિ અત્યંત દયનીય અને હૃદયદ્રાવક બની ગઈ હતી. આ ઉપરાંત ઘણી બધી ધાર્મિક માન્યતાઓ પણ સમાજમાં ફેલાયેલી હતી જેનાથી સ્ત્રીઓની સ્થિતિ વધારે કથળી ગઈ હતી. આ સમયે સૌથી વધારે ખરાબ સ્થિતિ વિધવા સ્ત્રીઓની હતી. અનેક સામાજિક-ધાર્મિક માન્યતાઓને પરિણામે વિધવા સ્ત્રીઓને ગુલામ બનાવી તેની જિંદગી નર્ક જેવી બનાવી દીધી હતી.

**૨. વિધવાઓની સ્થિતિ:** ૧૯મી સદીમાં બાળલગ્ન પરિણામે બાળ મરણનું પ્રમાણ વધતાં સમાજમાં બાળ વિધવાઓનો વિકટ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. “વિધવા” શબ્દ પ્રાચીન સમયથી જોવા મળે છે. સંસ્કૃત ભાષામાં “ધવ” એટલે “પતિ કે પુરુષ” થાય એટલે કે જે સ્ત્રીનો પતિ હયાત હોય તે “સધવા” કહેવાતી અને જે સ્ત્રીનો પતિ હયાત નથી તેવી સ્ત્રી “વિધવા” કહેવાતી. ટુંકમાં કહીએ તો જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો છે તેવી સ્ત્રીને વિધવા કહેવામાં આવતી. ૧૯મી સદીમાં હિંદુ સમાજમાં બાળ લગ્નનું પ્રમાણ ખૂબ વધારે હતુ. આ બાળલગ્નનાં પરિણામે લાખો બાળવિધવાઓનો ઉદ્દભવ થયો હતો અને તેના માથે પરાણે વૈધવ્યનો કાનૂન લગાડવામાં આવ્યો હતો. આ વિધવાઓ ઉપર સમાજમાં અનેક પ્રકારના અંકુશ પણ મૂકવામાં આવ્યા હતા. જે નીચે મુજબ છે.

**૨.૧ બધા જ શણગાર ત્યાંજવા:** ૧૯મી સદીમાં વિધવા બનનાર સ્ત્રીના હાથની બંગડી તોડી નાખવામાં આવતી અને કપાળનો ચાંદલો ભૂંસી નાખવામાં આવતો હતો. પતિના અવસાનના બારમાં દિવસે વિધવા થનાર સ્ત્રીના માથાના બધા જ વાળ ઉતારવામાં (મુંડન કરવામાં) આવતું હતું. વિધવા થનાર સ્ત્રીએ રંગીન વસ્ત્રનો ત્યાગ કરીને ફક્ત સફેદ વસ્ત્ર જ પહેરવા પડતાં તથા દરેક પ્રકારના સાજ- શણગાર જેમ કે, ચાંલ્લો, ચૂડલો, કાજળ વગેરેનો ત્યાગ કરવો પડતો. હવેથી તે કોઈ પણ પ્રકારના આભૂષણ પહેરી શકતી નહીં. આમ, તેનો સાજ- શણગાર કરવાનો, સુંદર દેખાવાનો અધિકાર છીનવી લેવામાં આવતો હતો.

**૨.૨ સામાજિક બહિષ્કાર અને અપશુકનિયાળની માન્યતા:** વિધવા સ્ત્રીઓને અશુભ માનવામાં આવતી હતી. એવું કહેવાતું કે વિધવાનું મોઢું જોવાથી અપશુકન થાય છે અને દિવસ ખરાબ જાય આ જ માનસિકતાને કારણે વિધવા સ્ત્રીઓ સમાજથી દૂર રહેવા માટે મજબૂર બની હતી. તે કોઈ પણ શુભ પ્રસંગોમાં હાજર રહી શકતી ન હતી અને સારા કાર્યમાં ભાગ લઈ શકતી ન હતી. પોતાના જ ઘરે મંગળ ગીત ગવાતા હોય તો પણ તેમાં તે હાજર રહી શકતી ન હતી કે વરઘોડામાં કે બીજી કોઈ સ્ત્રીઓ સાથે બહાર જઈ શકતી ન હતી. ઘરના એક નાના ઓરડામાં કે ઘરની બાજુમાં નાની એવી ઝૂપડીમાં રહી આખો દિવસ પ્રભુ પ્રાથનામાં અને ભજન કિર્તનમાં સમય વ્યતીત કરતી હતી. તેમને સુખપ્રદ પથારી પણ ત્યજવી પડતી અને હંમેશા જમીન પર જ સૂવું પડતું હતું. આમ, ૧૯મી

સદીમાં વિધવાઓ પાસેથી પરિવાર સાથે રહેવાનો અને બહાર જવાનો અધિકાર પણ છીનવી લેવામાં આવ્યો હતો.

**૨.૩ સાદું ભોજન:** વિધવા સ્ત્રીઓનું જીવન એક તપસ્વી સ્ત્રી જેવુ હતું. તેમને દિવસમાં એક જ વાર ભોજન આપવામાં આવતું હતું અને તે કોઈ પણ જાતના મસાલા વગરનું સાવ સાદું. વિધવા સ્ત્રીને પૌષ્ટિક ખોરાક કે મસાલેદાર ભોજન આરોગવા પર પ્રતિબંધ હતો. વાર-તહેવાર હોય કે ઘરમાં કોઈ શુભ પ્રસંગ હોય, જ્ઞાતિનું મોટું જમણવાર હોય ઘરમાં ૩૨ પકવાન બન્યા હોય તો પણ ઘરની વિધવા સ્ત્રી મિષ્ટાન કે સ્વાદિષ્ટ ભોજન આરોગી શકતી ન હતી. તેમનો પૌષ્ટિક અને સ્વાદિષ્ટ મનગમતું ભોજન જમવાનો અધિકાર પણ છીનવી લેવામાં આવ્યો હતો.

**૨.૪ સતીપ્રથાનો ભય:** ૧૯મી સદીની શરુઆતમાં "સતીપ્રથા" ચરમ સીમાએ હતી. વરવિક્રય, કન્યાવિક્રય અને કજોડાં લગ્નને પરિણામે અનેક સ્ત્રીઓ બાળપણમાં જ વિધવાઓ બની હતી. આ બાળ વિધવાઓને આખી જિંદગી સાચવવી ન પડે તે માટે કુટુંબીજનો તેમને પોતાના પતિના મૃતદેહ સાથે જીવતી સળગાવી દેતા હતા. પતિ પાછળ જીવતી સળગનાર સ્ત્રી "સતી" તરીકે ઓળખાતી. સ્ત્રીની ઈચ્છા હોય કે ના હોય ઘણા પરિવારો સ્ત્રીઓને સતીના નામે જીવતી સળગાવીને સ્ત્રી હત્યા કરતાં હતાં. આ સમયે ગરીબ માં-બાપ ઉચ્ચ કુળમાં પોતાની પુત્રીના લગ્ન કરવાના અભરખામાં સાઠ પાંસઠ વર્ષના વૃદ્ધ સાથે પોતાની દસ વર્ષની કન્યાને પરણાવતા હતા અને આ કન્યાના મનમાં હંમેશા પતિના મૃત્ય પછી જબરદસ્તીથી સતી થવાના ભય રહેતો હતો.

**૨.૫ શિક્ષણ અને મિલકત અભાવ:** આ સમયે સ્ત્રીઓને શિક્ષણ મેળવવા પર પ્રતિબંધ હતો. સ્ત્રી શિક્ષણ મેળવી પગભર બને તેવી કોઈ વ્યવસ્થા ન હતી અને તેમને મિલકતમાં પણ કોઈ અધિકાર ન હતાં. તેથી તે હંમેશા આર્થિક રીતે પરિવાર પર નિર્ભર રહેવા મજબૂર બની હતી. પિયરમાં પિતા કે ભાઈ પર અને સાસરીમાં સસરા, જેઠ કે પુત્ર પર આજીવન નિર્ભર રહેવું પડતું. તેની આ પરિસ્થિતિનો લાભ લઈ ઘણીવાર નાની ઉંમરમાં વિધવા બનેલી સ્ત્રીનું સાસરીમાં દિયર, જેઠ અને સસરા દ્વારા શારીરિક-માનસિક શોષણ પણ કરવામાં આવતું હતું. આમ, તે જીવનભર પરિવાર પર બોજ બનવા માટે મજબૂર બની હતી અને તેના માઠા પરિણામો પણ તેને ભોગવવા પડતાં હતા.

**૨.૬ વિધવા પુનઃલગ્ન પર પ્રતિબંધ:** આપણા શાસ્ત્રોમાં વિધવાઓને પુનઃલગ્ન કરવાના હક્ક આપ્યા હતા પરંતુ સમયની સાથે તેની પાસેથી આ હક્ક પણ છીનવી લેવામાં આવ્યો હતો. પરિણામે વિધવાઓની સ્થિતિ વધારે

કથળી હતી. વિધવા સ્ત્રીઓ મોટેભાગે સાસરીમાં રહેતી પરંતુ સાસુ, નણંદ અને જેઠાણી તેમના ઉપર હુકમ ચલાવતા અને ખૂબ ત્રાસ આપતા તેથી તે પિયર આવતી અને ત્યાં માં-બાપ સાથે રહેતી. તેમના માં-બાપ હયાત હોય ત્યાં સુધી તેની સારી રીતે દેખભાળ કરતાં પરંતુ તેમના અવસાન પછી ભાઈ-ભાભીનો ત્રાસ સહન કરવો પડતો હતો. ઘણીવાર ભાભી શારીરિક-માનસિક ત્રાસ પણ આપતી. ઘણી બાળ વિધવાઓ અનીતિથી સભાર્ગ બનતી ત્યારે તેના બાળકને ગર્ભમાં જ મારી નાખવામાં આવતું. જો તે શક્ય ના હોય તો લોકલાજના કારણે પોતાની આબરૂ બચાવવા માટે પુત્રીને પણ મારી નાખવામાં આવતી અને સ્ત્રી હત્યા અને બાળ હત્યાનું પાપ માથે લેતા પણ ખચકાટ અનુભવતા ન હતાં. ૧૯મી સદીમાં વિધવા પુનઃલગ્ન માટે કોઈ વિચાર સુધ્ધાં પણ કરી શકતું ન હતુ તેવો વિચાર કરનાર વ્યક્તિનો જ્ઞાતિ બહિષ્કાર કરવામાં આવતો. નાની ઉંમરમાં વિધવા થયેલી બાળ વિધવાઓને પણ પુનઃલગ્ન કરવાની છુટ ન હતી. જો કોઈ વિધવા સ્ત્રીની પુનઃ લગ્ન કરવાની ઈચ્છા હોય તો પણ તેની સાથે જ્ઞાતિના ભયથી કોઈ લગ્ન કરતું ન હતું.

કહે છે વિધવા નારી રે ટાળો હિંદુ રીત નઠારી ટેક..
લઘુ[૧] વયમાં વરાવી મુને, મોહોટી જાણી મુજ તાત;
કુલીન[૨] પતિને પસંદ કીધો, ભેળી કરી નિજજ્ઞાત કહે.... ૧
સ્વરુપ ગુણ ને વય ન જોયાં, ન જોયાં તેના શીલ;
સાઠ વર્ષથી વિશેષે વયનો, જોયો કાઠાળો નીલ[3] કહે....૨
પહેરામણી આપી મુજને વળાવી, આણી નેત્રમાં નીર;
વર્ષ વિતા પછી મહારાને, વૃધ્ધિ પામ્યો ક્ષય[૪] વીર કહે....૩
વ્યાધી વધ્યા પછી પાંચમે માસે, પિયુયે છોડ્યા પ્રાણ;
ભાગ હીણીના કેશ ને ચૂડો, ઉતારી નખાવ્યા જાણ કહે.....૪
(૧. બાળપણ, ૨. કહેવાતું ઉચ્ચ કુળ, 3. વાનરની એક જાત, ૪. ક્ષય રોગ )

19મી સદીમાં ૪૫-૫૦ વર્ષની ઉંમરનો વિધુર થયેલો પુરુષ ફરીવાર લગન કરી શકતો પરંતુ 10-15 વર્ષની વિધવાઓને દુષ્ટ ચાલના લીધે ઘણા અપમાન સાથે તપચર્યાના કડવા નિયમ પાળવા પડતા હતાં. અને ફકીરની જિંદગી જીવવી પડતી હતી. સ્ત્રી જાતનું મન નિષ્કલંક રાખવા સારું લોક વ્યવહાર અને નાતથી બહાર રહેવાનું દુઃખ તેને સહન કરવું પડતું હતું. હદ તો ત્યારે થતી કે જયારે 60 વરસના પિતા વિધૂર થાય તો ફરી લગ્ન કરી શકતા પરંતુ તેમની 15 વરસની દિકરી વિધવા થાય તો તેને આખી જિંદગી વિધવા જીવન ગાળવું પડતું હતું. આ સમયે દેશમાં ચાર કરોડ વિધવાઓ હતી તેમાંની મોટા ભાગની બાળવિધવાઓ હતી.[75]૧૮૯૧ની વસ્તી ગણતરી પત્રક પ્રમાણે તે સમયે 4 થી 14 વર્ષની વયે બનેલી વિધવાઓની સંખ્યા 2,52,410 હતી. જો તેમના બાળલગ્ન ન થયા હોત તો તેઓ નાની વયે બાળ વિધવા બની ન હોત.

**3. સાર:** ૧૯મી સદીનો ભારતીય સમાજ અનેક રૂઢીઓ અને પ્રથાઓની જડતામાં જકડાયેલો હતો. આ રૂઢીઓના નામે સ્ત્રીઓનો ભોગ લેવામાં આવતો હતો. તેમાં પણ વિધવાઓની હાલત કફોડી બની ગઈ હતી. તેમના પર અનેક પ્રકારના પ્રતિબંધો લાદી દેવામાં આવ્યા હતા. આ સ્ત્રીઓમાં વિધવા સ્ત્રીઓની સ્થિતિ સૌથી ખરાબ હતી. વિધવાઓને ગુલામીની ધુંસરીમાં જોડી, ચાર દીવાલ વચ્ચે કેદ કરી, તેમના તમામ હક્કો છીનવી લઈ પશુતામાં ધકેલી દીધી હતી. તેના ઉન્નતિના દરેક દ્વારે લોખંડી તાળા મારી દીધા હતાં. વિધવા સ્ત્રીઓ પાસેથી શિક્ષણનો હક્ક છીનવી લઈ તેમને ગુલામીયુક્ત વ્યવસ્થામાં ધકેલી દીધી હતી. જો કોઈ વિધુર પુરુષ થાય તો તે બીજીવાર ત્રીજીવાર ચોથીવાર અને કોઈક તો પાંચ-પાંચ વાર લગ્ન કરી શકતા હતા તેમને કોઈ પાબંધી ન હતી પરંતુ હજુ પંદર વર્ષ પણ પૂરા નથી કર્યા તે પહેલા વિધવા બનેલી સ્ત્રીને અપમાન સાથે તપચર્યાના આકરા નિયમ પાળવા પડતાં હતાં. સ્ત્રી જાતનું મન નિષ્કલંક રાખવા માટે લોક વ્યવહારો તથા સમાજથી દૂર રહેવું પડતું હતું.

## સંદર્ભ સૂચી

1. વિજ્ઞાન વિલાસ સામયિક, વિદ્યા ગુણ પ્રકાશક સભા, રાજકોટ- 1872
2. વિજ્ઞાન વિલાસ સામયિ, વિદ્યા ગુણ પ્રકાશક સભા, રાજકોટ- 1882
3. સૌરાષ્ટ્ર દર્પણ, જૂનાગઢની જ્ઞાનગ્રાહક સભાના કારભારીઓ, જૂનાગઢ -1869
4. સૌરાષ્ટ્ર દર્પણ, જૂનાગઢની જ્ઞાનગ્રાહક સભાના કારભારીઓ, જૂનાગઢ -1872
5. કાંટાવાળા હરગોવિંદદાસ દ્વારકદાસ "સંસાર સુધારો", વડોદરા -1923, ત્રીજી આવૃતિ
6. કવિ મગનલાલ મોતીલાલ "વિધવા વિલાપ", પ્રકાશક: શા. અંબાલાલ મથુરદાસ, અમદાવાદ-1919
7. સેવક કેખુશરો હોમરનજી "પુનર્વિવાહ પ્રબંધ", ગુજરાત જ્ઞાન પ્રસારક મંડળીના કારબારીઓ, મુંબઈ-૧૮૫૬

Certificate No.:03062025022


MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding

this certificate to

**ચાવડા ગંગાબેન ગોવિંદભાઇ**

In recognition of the publication of the paper entitled

**૧૯મી સદીમાં વિધવા સ્ત્રીઓની સ્થિતિ**

Published in Volume 03, Issue 06, December 2025.

**EDITOR IN CHIEF**